ક્રમાંક: જમન/૨૯-સી/બ/૩૧૫૮-૫૯ /૨૦૨૧-૨૨,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બ્લોક નં. એ-૩
ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે,
સેકટર ૧૦, ગાંધીનગર, તા. ૦૫ /૦૮/૨૦૨૧

**વિષય:-** Diversion of 0.0684 Ha. Protected Forest land i.e. road side strip plantation declared as protected forest for laying Optical Fiber Cable along the routed form "T" Junction on SH Bhanvad-Porbandar road to "T" junction on SH Ranpur Gram Panchayat Road of Bhamvad Taluka, Devbhumi Dwarka Dist.

**સંદર્ભ:-** (૧) વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વર્તુળ, રાજકોટના પત્ર ક્રમાંક:- અ/જમન/ટે.૧૪/૭૦૯-૧૦/૨૦૨૧-૨૨, તા.૨૦/૦૭/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનુ કે, વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ વન જમીનના ડાયવર્ઝનની ૦.૦૬૮૪ હે. ની રિલાયન્સ જીઓ ઇન્ફોકોમ લીમીટેડ, અમદાવાદની દરખાસ્ત અત્રે મળેલ છે. સદરહું દરખાસ્તની ચકાસણી કરતાં તેમાં નીચે મુજબની અધુરાશ જણાય છે. તેથી તેની પુર્તતા પુર્ણ કરવા વિનંતી છે. અસલ દરખાસ્ત **ચાર** પ્રતમાં આ સાથે સામેલ રાખી પરત કરવામાં આવે છે.

(૧) ઑનલાઇન પાર્ટ-૧ માં અપલોડ કરેલ **KML** ફાઇલ ૦.૯૬ હેક્ટરની છે, દરખાસ્તમાં ૦.૦૬૮૪ હેક્ટરની માંગણી કરેલ હોઇ **KML** ફાઇલમાં જરૂરી સુધારા કરી અપલોડ કરવી.

(૨) ઓનલાઇન પાર્ટ-૨ માં અપલોડ કરવાનો થતો જીઓ-રેફરન્સ મેપ સ્પષ્ટ ન હોઇ નવેસરથી વળતર વનીકરણનો એરીયા દર્શાવી સ્પષ્ટ જીઓ-રેફરન્સ મેપ અપલોડ કરવો.

(૩) ઓનલાઇન પાર્ટ-૨ માં અપલોડ કરવાની થતી **CA** ની ટોપોશીટ અપલોડ કરેલ નથી જેમાં ટોપોશીટ માં **CA** એરીયા દર્શાવી મેપ અપલોડ કરવો.

(૪) દરખાસ્તમા સામેલ પાર્ટ-૧ માં યુઝર એજન્સી દ્વારા અનુક્રમ નંબર-૧ માં એરીયા દર્શાવેલ નથી.

(૫) પ્રસ્તુત દરખાસ્તમાં વાયોલેશન બાબતે ૧ હેક્ટર પીનલ વળતર વનીકરણની દરખાસ્ત સાદર કરેલ છે. પરંતુ ભારત સરકારશ્રીની તા. ૨૮/૦૩/૨૦૧૯ ની નવી ગાઇડલાઇનના પારા નં-૧.૨૧ મુજબ કાર્યવાહી કરવાની થતી હોઇ યુઝર એજન્સી પાસેથી તે મુજબનું અન્ડરટેકીંગ મેળવવાનું થાય છે, જે મેળવી સાદર કરવુ.

(૬) દરખાસ્તમાં વાયોલેશન બાબતે વધારાનું વળતર વનીકરણ ન લેવાનું થતુ હોઇ સ્કીમમાં જરૂરી સુધારો કરી ઓનલાઇન પાર્ટ-૨ માં તેમજ દરખાસ્તમાં જરૂરી સુધારા કરવા.

(૭) એનેક્ષર-૨૫ માટે ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું પ્રમાણપત્ર મેળવવાનું થાય છે. જે માટે અલગથી પત્રક અને નકશો સાદર કરવાનો થાય છે. જે દરખાસ્તમાં સામેલ રાખવાના હોતા નથી, જેમાં જરૂરી ફેરફાર કરવો.

(૮) એનેક્ષર-૨૮ માટે સાદર કરેલ ટોપોશીટ મેપની કોપીને બદલે એરીયા દર્શાવી ઓરીજીનલ ટોપોશીટ મુકવો.

(૯) એનેક્ષર-૩૦ માટે સાદર કરવાના થતા મેપમાં ડાયવર્ઝન એરીયા અને વળતર વનીકરણનો એરીયા દર્શાવી મેપ સાદર કરવાનો થાય છે. જેમાં માત્ર વળતર વનીકરણનો એરીયા દર્શાવેલ હોઇ જેમાં જરૂરી સુધારા કરવા.

(૧૦) DGPS મેપ કલર મેપ સાદર કરવાનો થાય છે, જેમાં એરીયા દર્શાવી સાદર કરવો.

(ડૉ. જયપાલ સિંહ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
સામાજીક વન વર્તુળ, રાજકોટ

**નકલ રવાના:-** નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, દેવભૂમી દ્વારકા તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.